Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## : કાર્યવાહી :

બોર્ડ ઓફ મેનેજમેન્ટની તાકીદની સભા, શનિવાર, તા.૦૩–૦૨–૨૦૨૪ના રોજ બપોરેઃ ૦૧–૦૦ કલાકે ઓફલાઈન/ઓનલાઈન રૂમ નંબર ૧૦૧૩૩ સભાખંડ,વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમિતિખંડમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| **ક્રમ** | **સભ્યોના નામ** | **હાજરી** |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૩. | ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૪. | VACANT | — |
| ૫. | VACANT | — |
| ૬. | VACANT | — |
| ૭. | ડૉ. મનીષા મનીષ પાનવાલા | હાજર |
| ૮. | ડૉ. જયદીપકુમાર નસવાનભાઈ ચૌધરી | હાજર |
| ૯. | VACANT | — |
| ૧૦. | VACANT | — |
| ૧૧. | શ્રી અમીત ગજ્જર | ઓનલાઈન હાજર |
| ૧૨. | શ્રી લક્ષ્મણભાઈ આહિર | ગેરહાજર |
| ૧૩. | અરૂંધતી જે. દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૧૪. | VACANT | — |
| ૧૫. | VACANT | — |
| ૧૬. | VACANT | — |
| ૧૭. | VACANT | — |
| ૧૮. | ડૉ. રમેશદાન ચંડીદાન ગઢવી (કુલસચિવશ્રી) | હાજર |

૧. કે.સી.જી.ના તા.૩૧–૦૧–૨૦૨૪ના પત્ર ક્રમાંક : કેસીજી/લીગલ/૨૦૨૩–૨૪/૨૫૭૮થી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ – ૨૦૨૩ ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટ્સ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂર કરી તા.૦૫/૦૨/૨૦૨૪ સુધીમાં અચૂક મોકલી આપવા બાબતના પત્ર અન્વયે રજૂ કરેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટ્સ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સેનેટ/ સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત સંદર્ભે અભ્યાસ અર્થે વધુ સમયની જરૂરીયાત હોવાથી બાબત આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૨. ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ – ૨૦૨૩ ની Section : 15 (s) અંતર્ગત નીચે મુજબની ડિગ્રીઓ એવોર્ડ કરવા અંગે વિચારણા કરવા બાબત.

Section : 15 (s) to institute and confer such degrees, diplomas, certificates and other academic distinctions as recommended by the Academic Council and arrange for convocation for conferment of the same, as provided by the Ordinances;

| અભ્યાસક્રમનું નામ | ડિગ્રીનું નામ | સત્તા મંડળના ઠરાવ |
|---|---|---|
| **1. FACULTY OF ARTS** | | |
| Bachelor of Arts (Honours) | (BA) (Hons.) | Academic Council :<br>Resolution no.16, dtd. 08/02/2023.<br>Syndicate:<br>Resolution no.34, dtd. 04/02/2023.<br>Senate:<br>Resolution no.12, dtd. 29/03/2023. |
| Bachelor of Arts (Honours with Research) | (BA) (Hons.) (Research) | |
| Bachelor of Social Work (Honours) | (BSW) (Hons.) | |
| Bachelor of Social Work (Honours with Research) | (BSW) (Hons.) (Research) | |
| Bachelor of Vocation | (B.Voc.) | Academic Council :<br>Resolution no.28, dtd. 17/02/2023.<br>Syndicate:<br>Resolution no.34, dtd. 04/02/2023.<br>Senate:<br>Resolution no.14, dtd. 29/03/2023. |
| **2. FACULTY OF SCIENCE** | | |
| Bachelor of Science (Honours) | (B.Sc.) (Hons.) | Academic Council :<br>Resolution no.16, dtd. 08/02/2023.<br>Syndicate:<br>Resolution no.34, dtd. 04/02/2023.<br>Senate:<br>Resolution no.12, dtd. 29/03/2023. |
| Bachelor of Science (Honours with Research) | (B.Sc.) (Hons.) (Research) | |
| Bachelor of Vocation | (B.Voc.) | Academic Council :<br>Resolution no.28, dtd. 17/02/2023.<br>Syndicate:<br>Resolution no.34, dtd. 04/02/2023.<br>Senate:<br>Resolution no.14, dtd. 29/03/2023. |

| | | |
|---|---|---|
| **3. FACULTY OF MEDICINE** | | |
| Bachelor of Science (Medical Radiology and Imaging Technology) | (B.Sc.) (MRIT) | Academic Council :<br>Resolution no.11, dtd. 21/09/2022.<br>Syndicate:<br>Resolution no.57, dtd. 18/01/2023.<br>Senate:<br>Resolution no.13, dtd. 29/03/2023. |
| Bachelor of Occupational Therapy | (BOT) | Academic Council :<br>Resolution no.20, dtd. 18/10/2022.<br>Syndicate:<br>Resolution no.94, dtd. 18/01/2023.<br>Senate:<br>Resolution no.10, dtd. 29/03/2023. |
| અભ્યાસક્રમનું નામ | ડિગ્રીનું નામ | સત્તા મંડળના ઠરાવ |
| **4. FACULTY OF COMMERCE** | | |
| Bachelor of Commerce (Honours) | (B.Com.) (Hons.) | Academic Council :<br>Resolution no.16, dtd. 08/02/2023.<br>Syndicate:<br>Resolution no.34, dtd. 04/02/2023.<br>Senate:<br>Resolution no.12, dtd. 29/03/2023. |
| Bachelor of Commerce (Honours with Research) | (B.Com.) (Hons.) (Research) | |
| Bachelor of Business Administration (Honours) | (BBA) (Hons.) | |
| Bachelor of Business Administration (Honours with Research) | (BBA) (Hons.) (Research) | |
| Bachelor of Vocation | (B.Voc.) | Academic Council :<br>Resolution no.28, dtd. 17/02/2023.<br>Syndicate:<br>Resolution no.34, dtd. 04/02/2023.<br>Senate:<br>Resolution no.14, dtd. 29/03/2023. |
| **5. FACULTY OF RURAL STUDIES** | | |
| Bachelor of Rural Studies (Honours) | (BRS) (Hons.) | Academic Council :<br>Resolution no.16, dtd. 08/02/2023.<br>Syndicate:<br>Resolution no.34, dtd. 04/02/2023.<br>Senate:<br>Resolution no.12, dtd. 29/03/2023. |
| Bachelor of Rural Studies (Honours with Research) | (BRS) (Hons.) (Research) | |
| **6. FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY** | | |
| Bachelor of Computer Application (Honours) | (BCA) (Hons.) | Academic Council :<br>Resolution no.16, dtd. 08/02/2023.<br>Syndicate:<br>Resolution no.34, dtd. 04/02/2023.<br>Senate:<br>Resolution no.12, dtd. 29/03/2023. |
| Bachelor of Computer Application (Honours with Research) | (BCA) (Hons.) (Research) | |
| Bachelor of Science (Honours) | (B.Sc.) (Hons.) | |
| Bachelor of Science (Honours with Research) | (B.Sc.) (Hons.) (Research) | |

| | | |
|---|---|---|
| Bachelor of Science (Information Technology) (Honours) | (B.Sc.) (I.T.) (Hons.) | |
| Bachelor of Science (Information Technology) (Honours with Research) | (B.Sc.) (I.T.) (Hons.) (Research) | |
| Bachelor of Science (Computer Science) (Honours) | (B.Sc.) (Computer Science) (Hons.) | |
| Bachelor of Science (Computer Science) (Honours with Research) | (B.Sc.) (Computer Science) (Hons.) (Research) | |
| Bachelor of Science (Data Science and Analytics) | (B.Sc.) (Data Science and Analytics) | |
| Bachelor of Science (Data Science and Analytics) (Honours) | (B.Sc.) (Data Science and Analytics) (Hons.) | |
| Bachelor of Science (Data Science and Analytics) (Honours with Research) | (B.Sc.) (Data Science and Analytics) (Hons.) (Research) | |
| **7. FACULTY OF ARCHITECTURE & DESIGN** | | |
| Bachelor of Design | B. Des. | Academic Council :<br>Resolution no.33, dtd. 18/10/2022.<br>Syndicate:<br>Resolution no.95, dtd. 18/01/2023.<br>Senate:<br>Resolution no.9, dtd. 29/03/ 2023. |
| Master of Design | M. Des. | |

| અભ્યાસક્રમનું નામ | ડિગ્રીનું નામ | સત્તા મંડળના ઠરાવ |
|---|---|---|
| Master of Planning | (M.Plan.) | Academic Council :<br>Resolution no.14, dtd. 12/10/2021.<br>Syndicate:<br>Resolution no. 8, dtd. 23/10/2021.<br>Senate:<br>Resolution no.29, dtd. 29/03/2022. |
| Doctor of Philosophy | (Ph.D.) | Academic Council :<br>Resolution no.35, dtd. 18/10/2022.<br>Syndicate:<br>Resolution no.96, dtd. 18/01/2023.<br>Senate:<br>Resolution no.11, dtd. 29/03/2023. |

(સેનેટ / સિન્ડિકેટ વિભાગ/ પરીક્ષા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ–૨૦૨૩ ની Section : 15 (s) અંતર્ગત ઉપરોકત મુજબની ડિગ્રીઓ એવોર્ડ કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એકટ ૧૯૬૫ અંતર્ગત સ્ટેચ્યુટ – ૨૨૯ માં દર્શાવેલ તમામ ડીગ્રીઓ એવોર્ડ કરવી.**

૩. યુનિવર્સિટી કેમ્પસ ખાતે Expression of Interest for Empanelment of Repair, Renovation & Upgradation of Civil Work for Various Buildings Located in campus of Veer Narmad South Gujarat University (VNSGU) Surat કામ માટે ઈજારદારો તરફથી મળેલ Expression of Interest માટેના ડોકયુમેન્ટની સ્કૂટીની કરવા માટે તા.:૦૫/૦૧/૨૦૨૪ના રોજ વહીવટી ભવનના સમિતિ ખંડ રૂમ નંબર : ૧૦૧૩૩ માં મળેલ હતી જેમાં સમિતિ દ્વારા Repair, Renovation & Upgradation of Civil Work માટે ઈજારદારની પેનલ બનાવવા માટે ભલામણ કરેલ છે જે સમિતિના રીપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી કેમ્પસ ખાતે **Expression of Interest for Empanelment of Repair, Renovation & Upgradation of Civil Work for Various Buildings Located in campus of Veer Narmad South Gujarat University (VNSGU) Surat** કામ માટે ઈજારદારો તરફથી મળેલ **Expression of Interest** માટેના ડોકયુમેન્ટની સ્કૂટીની કરવા માટે તા.:૦૫/૦૧/૨૦૨૪ના રોજ વહીવટી ભવનના સમિતિ ખંડ રૂમ નંબર : ૧૦૧૩૩ માં મળેલ હતી જેમાં સમિતિ દ્વારા **Repair, Renovation & Upgradation of Civil Work** માટે ઈજારદારની પેનલ બનાવવા માટે ભલામણ કરેલ છે, જે સમિતિના અહેવાલનો સ્વીકાર કરી પેનલ મંજૂર કરવી.

૪. યુનિવર્સિટી કેમ્પસ ખાતે Expression of Interest for Empanelment of Repair, Renovation & Upgradation of Civil Work for Various Buildings Located in campus of Veer Narmad South Gujarat University (VNSGU) Surat કામ માટે ઈજારદારો તરફથી મળેલ Expression of Interest માટેના ડોકયુમેન્ટની સ્કૂટીની કરવા માટે નિયત કરેલ સમિતિએ Repair, Renovation & Upgradation of Civil Work માટે પેનલ બનાવવા માટે ભલામણ કરેલ છે. જેના સંદર્ભમાં Repair, Renovation & Upgradation of Civil Work માટે ભાવપત્રક (S.O.R.) નક્કી કરવા માટે તા.:૧૯/૦૧/૨૦૨૪ના રોજ વહીવટી ભવનના સમિતિ ખંડ રૂમ નંબર : ૧૦૧૩૩ માં મળેલ સમિતિના (S.O.R.) નક્કી કરવા માટેના રીપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી કેમ્પસ ખાતે **Expression of Interest for Empanelment of Repair, Renovation & Upgradation of Civil Work for Various Buildings Located in campus of Veer Narmad South Gujarat University (VNSGU) Surat** કામ માટે ઈજારદારો તરફથી મળેલ **Expression of Interest** માટેના ડોકયુમેન્ટની સ્કૂટીની કરવા માટે નિયત કરેલ સમિતિએ **Repair, Renovation & Upgradation of Civil Work** માટે પેનલ બનાવવા માટે ભલામણ કરેલ છે. જેના સંદર્ભમાં **Repair, Renovation & Upgradation of Civil Work** માટે ભાવપત્રક **(S.O.R.)** નક્કી કરવા માટે તા.:૧૯/૦૧/૨૦૨૪ના રોજ મળેલ સમિતિના અહેવાલનો સ્વીકાર કરી પ્રવર્તમાન **S.O.R.** ક્રમાંક : **SOR/1023-24/349/C-1,Dtd.04/10/2023 (R&B)** મુજબ કામગીરી કરાવવી.

૫. યુનિવર્સિટી કેમ્પસ ખાતે Expression of Interest for Empanelment of Repair, Renovation & Upgradation of Civil Work for Various Buildings Located in campus of Veer Narmad South Gujarat University (VNSGU) Surat કામ માટે વિવિધ ઈજારદારો તરફથી Expression of Interest માટેના ડોકયુમેન્ટ મળેલ છે જેમાંથી કઈ પાર્ટી પાસેથી કામગીરી કરાવવી તે ઈજારદારનું નામ નક્કી કરવાની પ્રક્રિયા નક્કી કરવા વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી કેમ્પસ ખાતે **Expression of Interest for Empanelment of Repair, Renovation & Upgradation of Civil Work for Various Buildings Located in campus of Veer Narmad South Gujarat University (VNSGU) Surat** કામ માટે વિવિધ ઈજારદારો તરફથી **Expression of Interest** માટેના ડોકયુમેન્ટ મળેલ છે જે સંદર્ભે આગળની ઘટતી કાર્યવાહી કરવા અંગે નવા સ્ટેચ્યુટ અમલમાં આવે અને તદ્અનુસાર બિલ્ડીગ વર્કસ કમિટિ અસ્તિત્વમાં આવે ત્યાં સુધી બાંધકામ સંબંધિત અને જરૂરી નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**વધુમાં, આ સાથે પરિશિષ્ટમાં સામેલ Empanelment ની કુલ ૧૫ ઈજારેદારની યાદીમાં સમાવિષ્ટ તમામને અંગેજીના Alphabet (એટલે કે A.B.C.D.) પ્રમાણે રોસ્ટર યાદી ગોઠવી અને તદ્અનુસાર ક્રમશઃ કામગીરીની સોંપણી કરવી.**

**વધુમાં, હાલના ARC કોન્ટ્રાકટર બી.એસ. કન્સ્ટ્રકશનને સોંપાયેલ વર્કઓર્ડર કે જેમાં કામ શરૂ કરવામાં આવેલ નથી તેને વર્કઓર્ડરમાં મંજૂર થયેલા ભાવે નવી નિમાયેલ ARC પેનલમાંથી ઈજારદારને ટ્રાન્સફર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**(પરિશિષ્ટઃ ' ૦૧ ')**

૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે Demolition of Old Administrative Building (Ground + 2 Floor) ના કામ અંગે મળેલ ઈ–ટેન્ડરો પૈકી યુનિવર્સિટીમાં જમા કરાવવા માંગતા રકમોમાં Alfa Enterprise નું સૌથી વધુ રકમનું એટલે કે કુલ રૂા. ૭૦,૯૧,૦૦૦/– નું ટેન્ડર પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.: ૧૫–૧૨–૨૦૨૩ ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૦૧ થી સ્વીકારવામાં આવ્યું હોય, પ્રસ્તુત કામના ટેન્ડરમાં જણાવ્યા અનુસારની (૧) ટેન્ડરમાં જણાવેલ સિકયુરીટી ડિપોઝીટની રકમ (ટેન્ડરની રકમના ૫૦%) : રૂા. ૩૫,૪૫,૫૦૦/– અને (૨)કામ શરૂ કરતા પહેલા જમા કરાવવાની થતી રકમ (ટેન્ડરની રકમના ૫૦%) : રૂા. ૩૫,૪૫,૫૦૦/– હિસાબી શાખામાં બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા RTGS થી જમા કરાવવા અંગે Alfa Enterprise સાથે વિવિધ પત્રો દ્વારા જણાવવામાં આવેલ છે અને તા.:૧૩/૦૧/૨૦૨૪ના રોજની સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંકઃ ૭૨ થી Alfa Enterprise ની રજુઆત મુજબ સ્ટીલને યુનિવર્સિટી કેમ્પસની બહાર લઈ જવાની મંજુરી આપવામાં આવેલ છે જેની જાણ કરતો પત્ર કરેલ હતો પરંતુ આજદીન સુધી Alfa Enterprise તરફથી સિકયુરીટી ડિપોઝીટની રકમ રૂા. ૩૫,૪૫,૫૦૦/– અને કામ શરૂ કરતા પહેલા જમા કરાવવાની થતી રકમ (ટેન્ડરની રકમના ૫૦%) રૂા. ૩૫,૪૫,૫૦૦/– યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવેલ નથી. જેથી પ્રસ્તુત બાબતે તા.:૩૦/૦૧/૨૦૨૪ના રોજની કાર્યલય નોંધ પર મળેલ આદેશ મુજબ કુલસચિવશ્રી, બાંધકામ વિભાગના ઓ.એસ.ડી. ડૉ.ધર્મેશ જુરેમલાણી, માસ્ટર પ્લાનર (બ્લેક ઈન્ક)ના પ્રતિનિધિ પ્રસુનભાઈ પટેલને કોન્ટ્રાકટર સાથે રૂબરૂ મુલાકાત કરી જરૂરી અહેવાલ મેળવવાનું જણાવવામાં આવેલ હોય જેથી સદર બાબતે યુનિવર્સિટી ખાતે તા.:૩૧–૦૧–૨૦૨૪ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે એક સંયુકત મીટીગ રાખવામાં આવેલ હતી જેમાં થયેલ ઠરાવ મુજબ Alfa Enterprise ના તા.:૧૯/૦૧/૨૦૨૪ ના ઈ–મેઈલ માં જણાવ્યા મુજબ ટેન્ડરની કુલ રકમ રૂા. ૭૦,૯૧,૦૦૦/– એડવાન્સ પેટે અને તેના ૧૦% રકમ રૂા.૭,૦૯,૦૦૦/– સિકયુરીટી ડિપોઝીટ પેટે યુનિવર્સિટીમાં જમાં કરાવશે અને ત્યાર બાદ ગેઈટ પાસ બનાવી મટીરીયલ યુનિવર્સિટી કેમ્પસની બહાર લઈ જશે તથા Alfa Enterprise દ્વારા ટેન્ડરની સમયમર્યાદા ૬૦ દિવસની જગ્યાએ ૯૦ દિવસની કરી આપવા વિનંતી કરેલ છે જે અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત સંદર્ભે ઈજારદારને રૂબરૂ ચર્ચા વિચારણા અર્થે બોલાવવા અને ડૉ.જયદીપભાઈ ચૌધરીને ઉપસ્થિત રાખી રજૂઆત સંદર્ભે સ્પષ્ટતા મેળવવી.**

૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે મળેલ સુચના મુજબ યુનિવર્સિટીના લગભગ ૨૧૦ એકરના પરિસરમાં સાફ સફાઈની કામગીરી કરવા તથા વિવિધ જગ્યાઓ પર પડેલ બીન જરૂરી કચરાને ભરી નિયત જગ્યાએ નાંખવાની કામગીરી કરાવવા માટે ૦૧ જે.સી.બી.મશીન વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી સપ્લાય કરવા માટે યુનિવર્સિટી કેમ્પસ ખાતે ગોપાલ કાર્ટીંગના મંજુર થયેલા ભાવપત્રકના ભાવથી એક કલાકના રૂા.૯૩૦/– લેખે કુલ ૨૦૦ કલાક કામગીરી કરાવવા માટે રૂા.૧,૮૬,૦૦૦/– ની મર્યાદામાં કામગીરી કરાવવા તથા ૦૧ ટ્રેકટર સાથે ટ્રેલર વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી સપ્લાય કરવા માટે યુનિવર્સિટી કેમ્પસ ખાતે ગોપાલ કાર્ટીંગના મંજુર થયેલા ભાવપત્રકના ભાવથી એક કલાકના રૂા.૫૪૦/– લેખે કુલ ૪૦૦ કલાકની કામગીરી કરાવવા માટે કુલ રૂા.૨,૧૬,૦૦૦/– ની મર્યાદામાં કામગીરી કરાવવા અને વિવિધ પરચૂરણ કામગીરી કરાવવા માટે વધારાના ૧૦ મજુરો રાખવા માટે સુવર્ણ એન્ટરપ્રાઈઝના મંજુર થયેલા ટેન્ડરના ભાવે ૦૧ મજુરના એક દિવસના રૂા.૨૩૦/– (જી.એસ.ટી.સહિત) લેખે દરરોજના ૧૦ માણસોના કુલ ૨૫ દિવસ કામગીરી કરાવવા માટે કુલ રૂા.૫૭,૫૦૦/– ની મર્યાદામાં કામગીરી કરાવવા માટે આમ કુલ ખર્ચ રૂા.૪,૫૯,૫૦૦/– નો ખર્ચ થાય એમ છે જે મંજુર કરી કામગીરી કરાવવા મંજુરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોકત મંજુરી ફેબ્રુઆરી–૨૦૨૪ના ૨૯ તારીખ સુધી સફાઈને ધ્યાનમાં રાખીને માંગવામાં આવી છે.

પ્રસ્તુત ખર્ચ સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ ના સદર હેઠળ ફાળવવાનો રહેશે.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત મંજૂર કરવી.**

૮. ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ–૨૦૨૩ ની Section : 15 (s) અંતર્ગત નીચે મુજબની ડિગ્રીઓ એવોર્ડ કરવા અંગે વિચારણા કરવા બાબત.

Section : 15 (s) to institute and confer such degrees, diplomas, certificates and other academic distinctions as recommended by the Academic Council and arrange for convocation for conferment of the same, as provided by the Ordinances;

| **અભ્યાસક્રમનું નામ** | **ડિગ્રીનું નામ** | **સત્તામંડળના ઠરાવ** |
|---|---|---|
| **Faculty of Commerce** | | |
| Bachelor of Commerce (Professional) | B.Com. (Prof.) | Academic Council : Resolution No.2, dtd.7/07/2023 Syndicate : Resolution No.42, dtd.28/07/2023 |
| Bachelor of Commerce (Professional) (Honours) | B.Com. (Prof.) (Hons.) | |
| Bachelor of Commerce (Professional) (Honours with Research) | B.Com. (Prof.) (Hons.) (Research) | |
| Bachelor of Commerce (Data Science) | B.Com. (Data Sci.) | |
| Bachelor of Commerce (Data Science) (Honours) | B.Com. (Data Sci.) (Honours) | |
| Bachelor of Commerce (Data Science) (Honours with Research) | B.Com. (Data Sci.) (Hons.) (Research) | |
| Bachelor of Commerce (Financial Technology) | B.Com. (Fin.Tech.) | |

| | | |
|---|---|---|
| Bachelor of Commerce (Financial Technology) (Honours) | B.Com. (Fin.Tech.) (Honours) | |
| Bachelor of Commerce (Financial Technology) (Honours with Research) | B.Com. (Fin.Tech.) (Hons.) (Research) | |
| Bachelor of Commerce (E-Commerce) | B.Com. (E-Comm.) | |
| Bachelor of Commerce (E-Commerce) (Honours) | B.Com. (E-Comm.) (Honours) | |
| Bachelor of Commerce (E-Commerce) | B.Com. (E-Comm.) (Hons.) (Research) | |
| Master of Management Studies | M.M.S. | Academic Council : Resolution No.40, dtd.17/08/2023 Syndicate : Resolution No.38, dtd.28/08/2023 |
| **Faculty of Computer Science & Information Technology** | | |
| Master of Science (Artificial Intelligence & Machine Learning) | M.Sc. (AI & ML) | Academic Council : Resolution No.40, dtd.17/08/2023 Syndicate : Resolution No.38, dtd.28/08/2023 |

(સેનેટ/ સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ–૨૦૨૩ ની Section : 15 (s) અંતર્ગત ઉપરોકત મુજબની ડિગ્રીઓ એવોર્ડ કરવી.**

૯. યુનિવર્સિટીના વિવિધ કાનૂની કેસો અને કાયદાકીય બાબતો અંગે વકીલશ્રીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત

નોંધ : યુનિવર્સિટીના વિવિધ કાનૂની કેસો અંગે વકીલશ્રીની નિમણૂક કરવા તેમજ તેમના બીલની ચુકવણી માટે તા.૧૦/૧૨/૨૦૨૧ ની સિન્ડીકેટની સભાના ઠરાવ ક્રમાંક :ડ થી માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ હતી.

(લીગલ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૧૦. યુનિવર્સિટી ખાતે Providing the Internet Connectivity Firewall System માટે ઈ–ટેન્ડરની વર્તમાનપત્રોમાં જાહેરાત આપી કાર્યાલયની તા.૦૯/૦૧/૨૦૨૪ ની નોંધ મુજબ નિયત સમય માર્યદામાં મળેલ ઈ–ટેન્ડરોના ટેકનીકલ બીડ ચકાસણી કરવા સમિતિની સભાનું આયોજન કરતા સદર સમિતિની સભા તા.૧૨/૦૧/૨૦૨૪ ના રોજ મળેલ હતી. જે સમિતિના અહેવાલ મુજબ કુલ ૩(ત્રણ) પાર્ટીઓ માંથી ૧(એક) Eligible પાર્ટીની પ્રાઈઝ બીડ નાણાં સમિતિ સમક્ષ n-procure સાઈટ પર ઓનલાઈન આપન કરતા નાણાં સમિતિની તા.૧૮/૧૨/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૯.૪) થી Niva Techno દ્વારા રજૂ કરેલ દસ્તાવેજો ઈ–ટેન્ડરની કરતો મુજબ યોગ્ય જણાતા સભા સમયે પ્રાઈઝ બીડ ખોલતા Niva Techno નો રૂા.૬૨,૫૪,૦૦૦/– નો ભાવ મળેલ છે. જે અગે નિર્ણય લેવા સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવેલ, Internet Connectivity Firewall System સંબંધિત અગત્યતા ધ્યાને લઈ સદરહું બાબતે તા.૨૫/૦૧/૨૦૨૪ ના રોજ મા.કુલપતિશ્રી સમક્ષ પાર્ટીને રૂબરૂ બોલાવી નેગોશીયેશન કરતા Niva Techno એ તા.૨૫/૦૧/૨૦૨૪ ના પત્રથી રજૂ કરેલ ભાવ રૂા.૫૭,૦૦,૦૦૦/– (Inclusive of GST) ધ્યાને લઈ ઓર્ડર પાઠવવા વિચારણા કરવા બાબત.

(પરચેઝ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે Providing the Internet Connectivity Firewall System માટે ઈ–ટેન્ડરની વર્તમાનપત્રોમાં જાહેરાત આપી કાર્યાલયની તા.૦૯/૦૧/૨૦૨૪ ની નોંધ મુજબ નિયત સમય માર્યદામાં મળેલ ઈ–ટેન્ડરોના ટેકનીકલ બીડ ચકાસણી કરવા સમિતિની સભાનું આયોજન કરતા સદર સમિતિની સભા તા.૧૨/૦૧/૨૦૨૪ ના રોજ મળેલ હતી. જે સમિતિના અહેવાલ મુજબ કુલ ૩(ત્રણ) પાર્ટીઓ માંથી ૧(એક) Eligible પાર્ટીની પ્રાઈઝ બીડ નાણાં સમિતિ સમક્ષ n-procure સાઈટ પર ઓનલાઈન આપન કરતા નાણાં સમિતિની તા.૧૮/૧૨/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૯.૪) થી Niva Techno દ્વારા રજૂ કરેલ દસ્તાવેજો ઈ–ટેન્ડરની કરતો મુજબ યોગ્ય જણાતા સભા સમયે પ્રાઈઝ બીડ ખોલતા Niva Techno નો રૂા.૬૨,૫૪,૦૦૦/– નો ભાવ મળેલ છે. જે અગે નિર્ણય લેવા સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવેલ, Internet Connectivity Firewall System સંબંધિત અગત્યતા ધ્યાને લઈ સદરહું બાબતે તા.૨૫/૦૧/૨૦૨૪ ના રોજ મા.કુલપતિશ્રી સમક્ષ પાર્ટીને રૂબરૂ બોલાવી નેગોશીયેશન કરતા Niva Techno એ તા.૨૫/૦૧/૨૦૨૪ ના પત્રથી રજૂ કરેલ ભાવ રૂા.૫૭,૦૦,૦૦૦/– (Inclusive of GST) ધ્યાને લઈ ઓર્ડર પાઠવવો.**

૧૧. (૧) યુનિવર્સિટી કેમ્પસ ખાતે યુવક મહોત્સવ, ખેલકુદ મહોત્સવ તથા અન્ય જાહેર કાર્યક્રમો માટે મંડપ, ડોમ, બાંધવા તથા તેને લગતી સાધન સામગ્રી જેવી કે ખુરશી, સોફા–સેટ, કારપેટ વિગેરે કામ અંગેનું ટેન્ડરનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ (ARC) કરવા નાણાં સમિતિની તા.૧૮/૧૨/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૯.૩) થી તુલનાત્મક પત્રક ધ્યાને લેતા L1 પાર્ટી Ananya Agency પાસેથી ટેન્ડરની શરતોને આધીન કામગીરી કરાવવા અંગેનો રેટ કોન્ટ્રાકટ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ છે. જે અન્વયે કાર્યાલયની તા.૨૩/૦૧/૨૦૨૪ નોંધ મુજબ કાર્યાલયની ક્રમાંક:પરચેઝ એન્ડ સ્ટોર/૧૭૧૭/૨૦૨૪, તા.૨૩/૦૧/૨૦૨૪ થી અનન્યા એજન્સી, સરતને સત્તામંડળનો આખરી ઠરાવ થાય અથવા તા.૦૧/૦૩/૨૦૨૪ સુધી બે માંથી જે વહેલું હોય ત્યા સુધી ટેન્ડરની શરતોને આધિન કામગીરી સોંપવા ઓર્ડર પાઠવવામાં આવેલ છે.

(૨) યુનિવર્સિટી કેમ્પસ ખાતે યુવક મહોત્સવ, ખેલકુદ મહોત્સવ તથા અન્ય જાહેર કાર્યક્રમો માટે મંડપ, ડોમમાં લાઈટ, પંખા, ડીઝલ જનરેટર, સાઉન્ડ સિસ્ટમ તથા એલ.ઈ.ડી. સ્ક્રીન ભાડેથી સપ્લાય કરી ફીટીંગ કરવા અંગેનું ટેન્ડરનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ (ARC) કરવા નાણાં સમિતિની તા.૧૮/૧૨/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૯.૧) થી તુલનાત્મક પત્રક ધ્યાને લેતા

L1 પાર્ટી Ananya Agency પાસેથી ટેન્ડરની શરતોને આધીન કામગીરી કરાવવા અંગેનો રેટ કોન્ટ્રાકટ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ છે. જે અન્વયે કાર્યાલયની તા.૨૩/૦૧/૨૦૨૪ નોંધ મુજબ કાર્યાલયની ક્રમાંકઃપરચેઝ એન્ડ સ્ટોર/૧૭૧૬/૨૦૨૪, તા.૨૩/૦૧/૨૦૨૪ થી અનન્યા એજન્સી, સરતને સત્તામંડળનો આખરી ઠરાવ થાય અથવા તા.૦૧/૦૩/૨૦૨૪ સુધી બે માંથી જે વહેલું હોય ત્યા સુધી ટેન્ડરની શરતોને આધિન કામગીરી સોંપવા ઓર્ડર પાઠવવામાં આવેલ છે.

(૩) યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિવિધ પ્રકારના સાઈનબોર્ડ સપ્લાય કરી ફીટીંગ કરવા અંગેનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ (ARC) કરવા અંગેનું ટેન્ડરનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ (ARC) કરવા નાણાં સમિતિની તા.૧૮/૧૨/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૯.૫) થી તુલનાત્મક પત્રક ધ્યાને લેતા L1 પાર્ટી Vedanshi Safety & Sigh પાસેથી ટેન્ડરની શરતોને આધીન રૂા.૬૬.૮૭/– ની મર્યાદામાં કામગીરી કરાવવા અંગેનો રેટ કોન્ટ્રાકટ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ છે. જે અન્વયે કાર્યાલયની તા.૨૩/૦૧/૨૦૨૪ નોંધ મુજબ કાર્યાલયની ક્રમાંકઃપરચેઝ એન્ડ સ્ટોર/૧૭૧૨/૨૦૨૪, તા.૨૩/૦૧/૨૦૨૪ થી અનન્યા એજન્સી, સરતને સત્તામંડળનો આખરી ઠરાવ થાય અથવા તા.૦૧/૦૩/૨૦૨૪ સુધી બે માંથી જે વહેલું હોય ત્યા સુધી ટેન્ડરની શરતોને આધિન કામગીરી સોંપવા ઓર્ડર પાઠવવામાં આવેલ છે.

ઉપરોકત બાબતે નિયત L1 પાર્ટીઓને ઓર્ડર આપવા મા.કુલપતિશ્રી દ્વારા લેવામાં આવેલ પગલાની નોંધ લેવા બાબત.

(પરચેઝ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

૧૨. યુનિવર્સિટી ખાતે સી.સી.ટી.વી. સર્વેલન્સ સિસ્ટમ માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ (AMC) અંગે રી–ટેન્ડરીંગ કરતા નાણાં સમિતિની તા.૧૮/૧૨/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક (૯.૪) થી સદર બાબતે પરીક્ષા વિભાગ દ્વારા અગાઉ ટેન્ડર કરેલ હોય જેથી રી–ટેન્ડરીંગ હોવાથી ટેકનીકલ બીડ ચકાસણી સમિતિના અહેવાલ મુજબ તુલનાત્મક પત્રક ધ્યાને લેતા એકજ પાર્ટી Sun Enterprise પાસેથી ટેન્ડરની શરતોને આધીન રૂા.૧૪,૪૦,૦૦૦/– ની મર્યાદામાં કામગીરી કરાવવા અંગેનો રેટ કોન્ટ્રાકટ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ છે. જે અન્વયે કાર્યાલયની તા.૨૩/૦૧/૨૦૨૪ નોંધ મુજબ સત્તામંડળનો આખરી ઠરાવ થાય અથવા તા.૦૧/૦૩/૨૦૨૪ સુધી બે માંથી જે વહેલું હોય ત્યા સુધી Sun Enterprise વર્ક ઓર્ડર પાઠવવા આદેશ મળેલ છે.

યુનિવર્સિટીના ઉપયોગ અર્થે Voice Call ની સુવિધા વાર્ષિક રેટ કોન્ટ્રાકટ (ARC) અંગે રી–ટેન્ડરીંગ કરતા નાણાં સમિતિની તા.૨૦/૦૧/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક (૧૦.૮) થી Digi Samawaad પાર્ટી દ્વારા રજૂ કરેલ દસ્તાવેજો રી–ટેન્ડરની શરતો મુજબ યોગ્ય જણાતા સભા સમયે પ્રાઈઝ બીડ ખોલતા પાર્ટીએ રજૂ કરેલ ભાવ વોઈસ કોલની સુવિધાની કામગીરી Digi Samawaad ને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવેલ છે. જે અન્વયે કાર્યાલયની તા.૨૩/૦૧/૨૦૨૪ નોંધ મુજબ સત્તામંડળનો આખરી ઠરાવ થાય અથવા તા.૦૧/૦૩/૨૦૨૪ સુધી બે માંથી જે વહેલું હોય ત્યા સુધી Digi Samawaad વર્ક ઓર્ડર પાઠવવા આદેશ મળેલ છે.

ઉપરોકત બાબતે પાર્ટીઓને ઓર્ડર આપવા મા.કુલપતિશ્રી દ્વારા લેવામાં આવેલ પગલાની નોંધ લેવા બાબત.

(પરચેઝ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

૧૩. યુનિવર્સિટી ખાતે કાર્યરત વિવિધ અનુસ્નાતક વિભાગો અને સ્વનિર્ભર અભ્યાસક્રમો/પ્રોગ્રામોમાં શૈક્ષણિક વર્ષ 2024-25 માટે 11 માસ કરાર આધારિત Temporary Assistant Professor માસિક રૂ.40,000/- ફિક્સ અને Temporary Teaching Assistant ની માસિક રૂ.25,000/- ફિક્સ પગાર થી નિમણૂક કરવા અંગે સિન્ડિકેટ સભા દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે અને એ પ્રમાણે આદેશાનુસાર જાહેરાત આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૧) મહેકમ અનુસારની ખાલી જગ્યા અન્વયેની પ્રોફેસર ૧૮, એસોસિયેટ પ્રોફેસર ૨૯ અને આસિસ્ટન્ટ પ્રોફેસર ૨૭ જગ્યા આમ કુલ ૭૪ ખાલી જગ્યા હોય, જે કાયમી ધોરણે ભરાય ન ત્યાં સુધી આ તમામ જગ્યા Temporary Assistant Professor તરીકે ભરવા અંગે નિયુક્ત સમિતિ દ્વારા રોસ્ટર, જાહેરાત અને અન્ય આનુષાંગીક બાબત નક્કી કરી અહેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ થતાં **સિન્ડિકેટની તા.૧૩/૦૧/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક: ૭૦ થી સમિતિનો અહેવાલ સ્વીકાર કરી જાહેરાત આપી નિમણૂકની આગળની ઘટતી કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ છે.**

(૨) યુનિવર્સિટી ખાતે કાર્યરત વિવિધ અનુસ્નાતક વિભાગોના સ્વનિર્ભર અભ્યાસક્રમો અને સ્વનિર્ભર અભ્યાસક્રમો/પ્રોગ્રામોમાં વિભાગની જરૂરિયાત અને વર્કલોડ અન્વયે ભરવાની થતી Temporary Assistant Professor/ Temporary Teaching Assistant જગ્યા અન્વયે નિયુક્ત સમિતિ દ્વારા વિવિધ વિભાગોના વર્કલોડ અનુસાર જગ્યા,જાહેરાત તથા અન્ય આનુષાંગીક બાબત નક્કી કરવા અંગેની નિયુક્ત સમિતિનો અહેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ થતાં **સિન્ડિકેટની તા.૧૩/૦૧/૨૦૨૪ની સભાના ઠરાવ ક્રમાંક: ૭૧ થી સમિતિનો અહેવાલ સ્વીકાર કરી જાહેરાત આપી નિમણૂકની આગળની ઘટતી કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ છે.**

ઉપરોક્ત ક્રમાંક ૦૧ અને ૦૨ અન્વયે સિન્ડિકેટની તા.૧૩/૦૧/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક: ૭૦ અને સિન્ડિકેટની તા.૧૩/૦૧/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક: ૭૧ અનુસાર જાહેરાત આપી નિમણૂકની આગળની ઘટતી કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ છે જેના પર વિચારણા કરવા બાબત...

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત સંદર્ભે આગળની ભરતીની કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૧૪. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૫–૧૦–૨૦૨૩ ક્રમાંક : GH/SH/34/GCU/2023/470/KH-1 જાહેરનામાથી ગુજરાત રાજયની ૧૧ યુનિવર્સિટીઓમાં "ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ–૨૦૨૩" તા.૯–૧૦–૨૦૨૩ ના રોજથી અમલમાં આવેલ છે. જેનો યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્રાંક : S/GPUA/26208/2003, તા.૦૯–૧૦ –૨૦૨૩ થી અમલ કરવામાં આવેલ છે. જે સંદર્ભે કે.સી.જી. ના તા.૩૧–૦૧–૨૦૨૪ ના પત્રાંક : કેસીજી/લીગલ/ ૨૦૨૩–૨૪/૨૫૭૮ થી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ–૨૦૨૩ ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂર કરી તા.૫–૦૨–૨૦૨૪ સુધીમાં અચૂક મોકલી આપવા બાબતના પત્ર અન્વયે રજૂ કરેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસમાં કોઈ સુધારા વધારા કરવા અંગે સ્પેશયલ સમિતિ પર મા.કુલપતિશ્રીએ નીચે મુજબના સભ્યોની કરેલ નિયુકિતની નોંધ લેવા બાબત.

(૧) ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ (સભ્યશ્રી–બોર્ડ ઓફ મેનેજમેન્ટ)

(૨) ડો. કેતનભાઈ દેસાઈ (સભ્યશ્રી–એકિઝકયુટીવ કાઉન્સિલ)

(૩) ડો. અર્પિત દવે (કોલેજ પ્રાધ્યાપક, શ્રી જે.એસ. ભકતા એન્ડ શ્રી કે.એમ. આર્ટસ એન્ડ શ્રી એ.એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન.એફ. શાહ કોમર્સ કોલેજ, ખોલવડ, જિ.સુરત)

(૪) ડો. વિજય જોષી (કોલેજ આચાર્ય, એમ.કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ)

(૫) ડો. આર.સી. ગઢવી (સભ્ય સચિવ)

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૫–૧૦–૨૦૨૩ ક્રમાંક : GH/SH/34/GCU/2023/470/KH-1 જાહેરનામાથી ગુજરાત રાજયની ૧૧ યુનિવર્સિટીઓમાં "ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ–૨૦૨૩" તા.૯–૧૦–૨૦૨૩ ના રોજથી અમલમાં આવેલ છે. જેનો યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્રાંક : S/GPUA/26208/2003, તા.૦૯–૧૦ –૨૦૨૩ થી અમલ કરવામાં આવેલ છે. જે સંદર્ભે કે.સી.જી. ના તા.૩૧–૦૧–૨૦૨૪ ના પત્રાંક : કેસીજી/લીગલ/ ૨૦૨૩–૨૪/૨૫૭૮ થી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ–૨૦૨૩ ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂર કરી તા.૫–૦૨–૨૦૨૪ સુધીમાં અચૂક મોકલી આપવા બાબતના પત્ર અન્વયે રજૂ કરેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસમાં કોઈ સુધારા વધારા કરવા અંગે સ્પેશયલ સમિતિ પર મા.કુલપતિશ્રીએ ઉપરોકત મુજબના સભ્યોની કરેલ નિયુકિતની નોંધ લેવામાં આવે છે.**

**૧૫.** યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં Examination Service (6 module) ના કામ અંગે નાણાં સમિતિની તા.૦૩/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક : (૭.૩) અને સિન્ડિકેટની તા.૨૮/૦૭/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક : (૫૧) ના ઠરાવ્યાનુસાર કાર્યાલયના ક્રમાંકઃ No:Purchase & Store Cell/ ES/26609/2023, dt.20/10/2023 થી Weshine Tech Pvt. Ltd., Pune સાથે ઓર્ડર આપ્યાની તારીખથી એક વર્ષ (તા.૧૯/૧૦/૨૦૨૪) સુધી કોન્ટ્રાકટ કરવામાં આવેલ છે. પરતું પરીક્ષા વિભાગને ધ્યાનમાં આવ્યા મુજબ આગામી માર્ચ/એપ્રિલ–૨૦૨૪માં પરીક્ષાનું બે માસ અગાઉ આયોજન કરવા Weshine Tech Pvt. Ltd., Pune ના ભાવો મુજબ ગત વર્ષ કરતા બમણો એટલે ઘણો બધો ખર્ચ વધી જનાર હોવાથી માન.કુલપતિશ્રી અને યુનિવર્સિટી વકીલશ્રીની હાજરીમાં Weshine Tech Pvt. Ltd., Puneના માલીક/પ્રતિનિધિ સાથે ભાવ બાબતે રૂબરૂ ચર્ચા કરતા કાર્યાલયની તા.૦૬/૦૧/૨૦૨૪ ની નોંધના આદેશાનુસાર Examination Service (6 module) ના કામ અંગે કાર્યાલયના પત્રાંકઃ No.Purchase & Store Cell/ES/ 26609/2023, dt.20/10/2023 થી આપવામાં આવેલ ઓર્ડરમાં ક્રમં નં. ૮ (Only Question paper printing) માં મંજૂર થયેલ ભાવ ને બદલે Weshine Tech Pvt. Ltd., Pune ના તા.૦૫/૦૧/૨૦૨૪ ના પત્ર/ઈ–મેલથી રજૂ કરેલ ભાવો ગ્રાહય રાખી કાર્યાલયની ક્રમાંકઃપરચેઝ/પરચેઝ/૦૦૧૧૭૬/૨૦૨૪, તા.૦૯/૦૧/૨૦૨૪ થી Weshine Tech Pvt. Ltd., Pune ને ફકત પ્રશ્નપત્રો છાપકામ બાબતે ઓર્ડર આપવામાં આવેલ છે. જે મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

**નોંધઃ**– પરચેઝ એન્ડ સ્ટોર સેલની તા.૧૭/૦૧/૨૦૨૩ થી મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરેલ હતી. જે સિન્ડિકેટ વિભાગ માંથી ફાઈલ પરત આવી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૧૪ અન્વયે બોર્ડ ઓફ મેનજમેન્ટ સમક્ષ રજૂ કરવાની થાય છે.

(પરચેઝ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

**૧૬.** યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓની પદવીઓના પ્રમાણપત્રો તથા કવરોના છાપકામ કરવા અંગે કાર્યાલયની તા.૦૬/૦૧/૨૦૨૪ ની નોંધ મુજબ ગત વખતની પાર્ટી Printography Systems (India) Pvt. Ltd., Mumbai ને કાર્યાલયના પત્રાંકઃ Purchase & store Cell/DC/15642/2022, dt.20/07/2022 થી કરવામાં આવેલ કોન્ટ્રાકટ તા.૧૯/૦૭/૨૦૨૩ ના રોજ પૂર્ણ થઈ જતા કાર્યાલયની તા.૧૨/૦૭/૨૦૨૩ ની નોંધ અંતર્ગત કાર્યાલયના પત્રાંકઃપરચેઝ એન્ડ સ્ટોર/૧૮૧૧૯/૨૦૨૩, તા.૧૩/૦૭/૨૦૨૩ થી સદર કોન્ટ્રાકટ તા.૧૮/૦૧/૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ હતો. સદરહું હાલની પાર્ટી સૂર્યા ઓફસેટની પ્રાઈઝ બીડ બાબત સિન્ડિકેટ સમક્ષ રજુ કરવામાં આવી છે. જેના નાણાં સમિતિમાં મળેલ ભાવ રૂા.૭૪.૭૯/– વધુ હોય જેથી યુનિવર્સિટીને આર્થિક ભારણ ન વધે તે હેતુથી તેમજ ગત વખતનુ અને હાલના ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશન સરખા જ હોય જે ધ્યાને લઈ આગામી અંદાજીત તા.૨૬/૦૨/૨૦૨૪ ના રોજ યોજનાર પદવી સમાંરભ અંગે પદવી પ્રમાણપત્ર અને કવરોના છાપકામ કરવા અંગે કાર્યાલયની તા.૦૬/૦૧/૨૦૨૪ ની નોંધના આદેશાનુસાર કાર્યાલયના પત્રાંકઃપરચેઝ એન્ડ સ્ટોર/૯૬૪/૨૦૨૪, તા.૧૦/૦૧/૨૦૨૪ થી આગામી ૫૫ માં વાર્ષિક પદવીદાન સમારભના પદવી પ્રમાણપત્ર તથા કવરના છાપકામ અંગે ટેન્ડરની શરતો અને ભાવ મુજબ Printography Systems (India) Pvt. Ltd. ને રૂા.૩૩.૩૦/– લેખે પદવી છાપકામ કરવા આપવામાં આવેલ ઓર્ડર અંતર્ગત મા.કુલપતિશ્રી દ્વારા લેવામાં આવેલ પગલાની નોંધ લેવા બાબત.

**નોંધઃ** (૧) યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાની પરીક્ષાના પદવી પ્રમાણપત્રો તથા કવરોના છાપકામ અંગે રી–ઈ–ટેન્ડરીંગ કરતા મળેલ ૧(એક) પાર્ટીનું ટેન્ડર નાણાં સમિતિની ૦૪/૧૨/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૧૫) મુજબ સૂર્યા ઓફેસટ એન્ડ સિકયરીટી પ્રિન્ટર્સ, અમદાવાદને રૂા.૭૪.૭૯/– પ્રતિ પદવી પ્રમાણપત્ર અને કવર રૂા.૭.૭૦/– (તમામ કરવેરા સહિત) ઈ–ટેન્ડરની શરતોને આધીન તમામ વિદ્યાશાખાની પરીક્ષાના પદવી પ્રમાણપત્રો તથા કવરોના છાપકામ અંગેની કામગીરી સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ છે. જેના સંદર્ભે પાર્ટીને રૂબરૂ બોલાવી નેગોશીયેશન કરતા તેમના તા.૨૯/૧૨/૨૦૨૩ ના પત્રથી પ્રતિ પદવી પ્રમાણપત્રનો ભાવ રૂા.૭૪.૦૦/– (તમામ કરવેરા સહિત) પ્રમાણે પૂરા પાડવા માટે સંમિતી આપેલ છે. જે વિદિત થાય.

(૨) પરચેઝ એન્ડ સ્ટોર સેલની તા.૧૭/૦૧/૨૦૨૩ થી મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરેલ હતી. જે સિન્ડિકેટ વિભાગ માંથી ફાઈલ પરત આવી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૧૪ અન્વયે બોર્ડ ઓફ મેનજમેન્ટ સમક્ષ રજૂ કરવાની થાય છે.

(પરચેઝ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

૧૭. નર્મદા એજ્યુકેશન એન્ડ સાયન્ટિફિક રિસર્ચ સોસાયટી સંચાલિત નર્મદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ ઝાડેશ્વર ભરૂચ ના અધ્યાપક ડો. કે. જી. રાવલની કોલેજના ઇ. ચા. આચાર્યશ્રી વિરૂદ્ધની રજૂઆત સંદર્ભમાં માન. કુલપતિશ્રી નિયુક્ત સમિતિના આ સાથેના અહેવાલ સાથે નીચે મુજબ ભલામણ કરેલ છે. જે ભલામણની પ્રથમ જાણ કર્યા બાદ ભલામણ મુજબ કાર્યવાહી કરવા એક થી વધુ પત્રોથી જાણ કરેલ હોય જે ભલામણ મુજબ કાર્યવાહી ન કરતા અરજી કરતા અધ્યાપક ડો. કે. જી. રાવલ દ્વારા તેમના તા. ૧-૧-૨૦૨૪ ના પત્રથી આ સાથેની રજૂઆત મુજબ કોલેજ સંચાલક મંડળ તરફથી કોઈપણ કાર્યવાહી થઈ નથી અને યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવામાં કોલેજ સંચાલક મંડળ કોઈ પણ રસ/આદર ન હોય તેની જાણ સાથે ડો. એ. કે. સિંઘની ઈ. ચા. આચાર્યશ્રી તરીકેની માન્યતા રદ કરવા વિનંતી કરેલ છે જે પર વિચારણા કરવા બાબત.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૧૮. યુનિવર્સિટીના પ્રવર્તમાન ઓર્ડિનન્સ માં સમિતિ પર માન. કુલપતિશ્રી દ્વારા સિન્ડિકેટના સભ્યોની નિમણુંક કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે સેનેટ અને સિન્ડીકેટના તમામ સભ્યોનું સભ્ય પદ તા 23 -1-2024 ના રોજ ના જાહેરનામા (1). ક્રમાંક : એસ/સેનેટ/જાહેરનામું /1920/2024, અને (2). ક્રમાંક : એસ/સિન્ડીકેટ /જાહેરનામું /1920-1/2024, થી.તા. ૨૩-૧-૨૦૨૪ના રોજથી બંધ પડવા સાથે (1) બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને (2) એકઝીકયુટીવ કાઉન્સિલની રચના થયેલ છે. ઓર્ડિનન્સની પ્રવર્તમાન જોગવાઈ મુજબ સિન્ડિકેટ કાર્યરત ન રહેતા ઓર્ડીનન્સ ની જોગવાઈ મુજબ જે સમિતિ પર માન. કુલપતિશ્રી દ્વારા સિન્ડિકેટ સભ્યની નિમણુંક કરવાની હોય તેવી સમિતિ પર બોર્ડ ઓફ મેનેજમેન્ટ કે એકઝીકયુટીવ કાઉન્સિલ પૈકી ક્યાં અધિકાર મંડળમાંથી સભ્યશ્રીઓની નિયુક્તિ કરીએ તે પર વિચારણા કરવા બાબત.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પ્રવર્તમાન ઓર્ડિનન્સ માં સમિતિ પર માન. કુલપતિશ્રી દ્વારા સિન્ડિકેટના સભ્યોની નિમણુંક કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે સેનેટ અને સિન્ડીકેટના તમામ સભ્યોનું સભ્ય પદ તા 23 -1-2024 ના રોજ ના જાહેરનામા (1). ક્રમાંક : એસ/સેનેટ/જાહેરનામું /1920/2024, અને (2). ક્રમાંક : એસ/ સિન્ડીકેટ /જાહેરનામું /1920-1/2024, થી.તા. ૨૩-૧-૨૦૨૪ના રોજથી બંધ પડવા સાથે (1) બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને (2) એકઝીકયુટીવ કાઉન્સિલની રચના થયેલ છે. ઓર્ડિનન્સની પ્રવર્તમાન જોગવાઈ મુજબ સિન્ડિકેટ કાર્યરત ન રહેતા ઓર્ડીનન્સની જોગવાઈ મુજબ જે સમિતિ પર માન. કુલપતિશ્રી દ્વારા સિન્ડિકેટ સભ્યની નિમણુંક કરવાની હોય તેવી સમિતિ પર બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એકઝીકયુટીવ કાઉન્સિલ કોઈપણ માંથી સભ્યોની નિયુકિત કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૧૯. The Gujarat Public Universities Act – 2023 ના અમલીકરણ બાદ રચાયેલ નવા અધિકાર મંડળો તથા તે અનુસાર અનુસરવાની થતી કાર્યરીતી ને ધ્યાને લઇ પીએચ.ડી ની આગામી પ્રવેશ પ્રક્રિયા અંગે વિચારણા કરવા બાબત.

સદર બાબતે વિચારણા કરતા સમયે નીચેની હકીકતો અવલોકન લેવા વિનંતી છે:

૧. University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulations, ૨૦૨૨ અનુસારનો પીએચ.ડી ઓર્ડિનન્સ બનાવવા તમામ ડિનશ્રીઓની કમિટી બનાવવામાં આવેલ હતી જેનો અહેવાલ હજુ મળેલ નથી તથા ઓર્ડિનન્સ તૈયાર થયેલ નથી.

૨. University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulations, 2022, 6. Allocation of Research Supervisor.- અનુસાર હાલ જે પી.એચ.ડી સુપરવાઈઝિંગ ટીચર ની માન્યતા ધરાવે છે તે પૈકી હવે પછી કોને કોને પી.ચ.ડી ના વિદ્યાર્થીઓ ફાળવી શકાય તે અંગે એકેડેમિક કાઉન્સિલ માં બાબત રજૂ કરતાં તમામ ડિનશ્રીઓની કમિટીને સદર બાત રીફર કરવામાં આવેલ છે જેનો અહેવાલ હજુ મળેલ નથી.

3. આગામી પીએચ.ડી ની પ્રવેશ પ્રક્રિયામાં University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulations, ૨૦૨૨ નો અમલ થાય એ જરૂરી છે.

૪. ગુજરાતની વિવિધ યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયાઓને સ્ટ્રીમલાઇન કરવાના હેતુથી Department of Education, Government of Gujarat એ The Gujarat Common Admission Service (GCAS) નામનો પોર્ટલ ચાલુ કરેલ છે જેમાં પીએચ.ડી નો પણ સમાવેશ કરવામાં આવેલ છે તથા તેનું ઓનલાઇન પ્રવેશ ફોર્મ પણ ડિઝાઇન કરેલ છે.

૫. University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulations, 2022, 6. Allocation of Research Supervisor.- અનુસાર કોને કોને પી.ચ.ડી ના વિદ્યાર્થીઓ ફાળવી શકાય.... તે અંગેની જોગવાઈ "6. Allocation of Research Supervisor.- Permanent faculty members working as Professor/Associate Professor of a Higher Educational Institution with a Ph.D., and at least five research publications in peer-reviewed or refereed journals and permanent faculty members working as Assistant Professors in Higher Educational Institutions with a Ph.D., and at least three research publications in peer-reviewed or refereed journals may be recognized as a Research Supervisor in the university where the faculty member is employed or in its affiliated Post-graduate Colleges/institutes. Such recognized research supervisors cannot supervise research scholars in other institutions, where they can only act as co-supervisors. Ph.D. awarded by a university under the supervision of a faculty member who is not an employee of the university or its affiliated Post Graduate Colleges/institutes would be in violation of these Regulations." આ મુજબ છે. જે અવલોકને લેતાં માત્ર યુનિવર્સિટીના કાયમી અધ્યાપકો (Professors, Associate Professor, Assistant Professors) તથા માત્ર અનુસ્નાતક કોલેજ તરીકેનું જોડાણ ધરાવતી યુનિવર્સીટી સંલગ્ન કોલેજોના (affiliated Post Graduate Colleges/institutes) કાયમી અધ્યાપકો (Professors, Associate Professor, Assistant Professors). ને જ પીએચ.ડી ના વિદ્યાર્થીઓ ફાળવી શકાય.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

**<u>અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતો.</u>**

૨૦. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે નવા / ચાલુ / વધારાના સ્વનિર્ભરઅભ્યાસક્રમના જોડાણની જોડાણ અરજી સાથે પ્રોસેસિંગ ફી રૂ.૫૦,૦૦૦/– શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી સ્વીકારવાના સિન્ડિકેટની તા.૧૪–૦૪–૨૦૨૩ ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ(૧૬) અન્વયે, આપેલ મંજૂરી મુજબની વિગત ઓર્ડિનન્સ (૬૬) માં સમાવવા સાથે ઓર્ડિનન્સ (૬૬) આ સાથેના ડ્રાફટ (એફીલીયેશન ફોર્મ ફી, એફીલીયેશન ડેવલોપમેન્ટ ફંડ, પ્રોસેસિંગ ફી અને લેઈટ ફી સમાવેશ સાથે) મંજૂર કરવા અંગે વિચારણા કરી સિન્ડિકેટની તા.૩૦–૫–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૪૪) થી સુધારેલ ઓર્ડિનન્સ–૬૬ નો ખરડો પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ : (૧) સિન્ડિકેટની તા.૩૦–૫–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૪ અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે નવા/ચાલુ/વધારાના સ્વનિર્ભરઅભ્યાસક્રમના જોડાણની જોડાણ અરજી સાથે પ્રોસેસિંગ ફી સિન્ડિકેટની તા.૧૪–૦૪–૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૧૬) થી રૂા. ૫૦,૦૦૦/– કરેલ છે જે રૂા.૨૫,૦૦૦/– કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે,શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે નવા / ચાલુ / વધારાના સ્નાતક અનુસ્નાતક અભ્યાસક્રમના જોડાણની જોડાણ અરજી તા.૧૫–૦૬ –૨૦૨૩ થી સ્વીકારવી.**

**વધુમાં, જે સંસ્થાઓ / કોલેજોએ પ્રોસેસિંગ ફી રૂા. ૫૦,૦૦૦/– જમા કરાવેલ છે તે કોલેજોને પ્રોસેસિંગ ફી ની તફાવતની રકમ પરત કરવી. સદર સુધારેલ ઓર્ડિનન્સ ૬૬ ને આગામી સેનેટની સભામાં રજૂ કરવા ઠરાવવામાં આવે છે.**

(૨) ઓર્ડિનન્સની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે નવા / ચાલુ / વધારાના સ્વનિર્ભર અભ્યાસક્રમના જોડાણની જોડાણ અરજી સાથે પ્રોસેસિંગ ફી રૂા.૫૦,૦૦૦/– શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી સ્વીકારવાના સિન્ડિકેટની તા.૧૪–૦૪–૨૦૨૩ ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ(૧૬) અન્વયે, આપેલ મંજૂરી મુજબની વિગત ઓર્ડિનન્સ (૬૬) માં સમાવવા સાથે ઓર્ડિનન્સ (૬૬) આ સાથેના ડ્રાફટ (એફીલીયેશન ફોર્મ ફી, એફીલીયેશન ડેવલોપમેન્ટ ફંડ, પ્રોસેસિંગ ફી અને લેઈટ ફી સમાવેશ સાથે) મંજૂર કરવા અંગે વિચારણા કરી સિન્ડિકેટની તા.૩૦–૫–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૪૪) થી સુધારેલ ઓર્ડિનન્સ–૬૬ નો ખરડો પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરેલ જે સંદર્ભે નવા સ્ટેચ્યુટ અને ઓર્ડીનન્સ અમલમાં આવે ત્યાં સુધી ઓર્ડીનન્સ–૬૬ ની જોગવાઈ અનુસાર જરૂરી નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**૨૧. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા માટે નવા જોડાણ/ચાલુ જોડાણ તથા ક્રમશઃ વધારાનું જોડાણ મેળવવા માટે જોડાણ અરજી યુનિવર્સિટી કાર્યાલયને મહદઅંશે કોલેજોની મળેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્થળ તપાસની કાર્યવાહી સારું સ્થાનિક તપાસ સમિતિ (Local Inquiry Committee) ની નિમણૂંક કરવામાં આવે છે. સદરહું નિયુકિત કરવા સારું ૯ મી ઓકટોબર ૨૦૨૩ થી અમલમાં આવેલ એકટ અને હવે પછી રાજય સરકાર દ્વારા સ્ટેટયુટ અને ઓર્ડિનન્સ જાહેર થવાની સંભાવના છે. તે ધ્યાને લેતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ ની જોડાણ અરજી સંદર્ભમાં સ્થળ તપાસ માટે સ્થાનિક તપાસ સમિતિની નિયુકિત અંગે વિચારણા કરવા બાબત.**

**(નોંધ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ ની જોડાણઅરજી સંદર્ભે સિન્ડિકેટની તા.૧૮–૧–૨૦૨૩ ના સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૧૪) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે, જેની જાણ સારું.**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન ચાલુ/વધારાના જોડાણની અરજીઓના સ્નાતક અને અનુસ્નાતક ચાલુ જોડાણ અને નવા જોડાણની અરજી સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિ નિમવાની સત્તા સિન્ડીકેટની તા.૧૬–૭–૨૦૨૨ના ઠરાવ ક્રમાંક (૭૪) અન્વયે માન. કુલપતિશ્રીને આપેલ હોય, કાર્યાલયને મળેલ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસની નવા/ચાલુ/ વધારાના જોડાણની અરજીઓના સંદર્ભમાં નીચે મુજબના હોદ્દાગત સભ્યોનું માળખું ધ્યાને લઈ સ્થાનિક તપાસ સમિતિની નિયુકતી કરવી.**

**(૧) જે તે વિસ્તારના સિન્ડિકેટ સભ્ય–૧**
**(૨) એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ–૧**
**(૩) પ્રિન્સિપાલ /ઈ.ચા.પ્રિન્સિપાલ–૨**
**(૪) જે તે વિસ્તારના સેનેટ સભ્ય–૧**
**(૫) સંબંધિત ફેકલ્ટીના અધ્યાપક –૨**

**નોંધ : (૧) સિ.તા.૦૭–૧૧–૨૦૨૩ના ઠરાવ ક્રમાંક : ૧૧૦ થી સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવા જણાવેલ છે.**

**(૨) સિ.તા.૧૩–૦૧–૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : ૦૨થી સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવા જણાવેલ છે.**

**(જોડાણ વિભાગ)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪–૨૫ દરમ્યાન નવા જોડાણ માટે અરજી મળ્યેથી તેવી અરજીઓ પર નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૨૨. શૈક્ષણિક વર્ષ **2024-25** થી પ્રવેશ પ્રક્રિયા ગુજરાત કોમન એડમિશન સર્વિસ **(GCAS)** દ્વારા હાથ ધરાનાર હોવાનું યુનિવર્સિટી એકેડેમિક વિભાગના તા. **23-10-2023**ના પત્ર ક્રમાંક:એકેડેમિક/એડમિશન/**034636/ 2023** થી જણાવેલ છે. સદર પત્ર સાથેના વિભાગની નોંધ અને મળેલ આદેશ મુજબ કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા મુખ્ય વિષય/સ્પેશ્યલાઇઝેશન મુજબ થનાર હોય ડિવિઝન આપવાને બદલે વિષયની કેટલી બેઠકો માટે જોડાણ આપવામાં આવ્યુ છે તેની માહિતી આપવાની જાણ કરેલ છે જે કાર્યવાહી કરવા સારું શૈક્ષણિક વર્ષ **2024-25**ની યુનિવર્સિટી કાર્યાલયને સ્નાતકલ અનુસ્નાતક અને ડિપ્લોમા અનુસ્નાતક અભ્યાસના નવા/ચાલુ - ક્રમશઃ સ્વનિર્ભર જોડાણની. અરજી મળેલ છેલ જે અરજી સંદર્ભમાં નિયુક્ત સ્થાનિક તપાસ સમિતિની સ્થળ તપાસ દરમિયાન આ સાથે બિડાણમાં રજૂ કરેલ ફોર્મમાં કોલેજ દ્વારા ક્રમાંક (૧૭) થી માહિતી આપવા સાથે સમિતિની સ્થળ તપાસ બાદ જોડાણની ભલામણ સ્થાનિક તપાસ સમિતિના સભ્યો દ્વારા મેજર વિષયમાં કેટલી બેઠકોની ફાળવણી કરી શકાય તેની માહિતી સાથે ભલામણ મેળવવા સારું તૈયાર કરેલ ચકાસણી સમિતિના અહેવાલમાં આમેજ કરવા વિચારણા કરવા બાબત

૧: નવા / ચાલુ જોડાણના ભલામણ ફોર્મમાં કોલેજે આપવાની માહિતી

**A:** સ્વનિર્ભર કોલેજો/ગવર્મેન્ટ કોલેજો દ્વારા ફક્ત **B Sc./ B. Com./ B. A.**જેવી ડિગ્રી અભ્યાસ માટે (મેજર વિષય દર્શાવ્યા વિના વિદ્યાશાખામાં સમાવેશ તમામ મેજર વિષયની) જોડાણની અરજી કરે છે તે કોલેજોને સ્થાનિક તપાસ સમિતિની સ્થળ તપાસની ભલામણના ફોર્મમાં કોલેજમાં ચાલતા મેજર વિષયો માટે કેટલી પ્રવેશ બેઠકો ફાળવવાની છે તેની માહિતી કોલેજમાં મેજર વિષય માટે ઉપલબ્ધ સગવડો ધ્યાને લઇ નીચે મુજબની માહિતીઈ

જમા કરાવેલ ડેવ ફંડ ફોર એફિલિએશન મુજબ ડિવિઝનની કુલ સંખ્યા ......... કુલ્લે પ્રવેશ. બેઠકો ........

યુનિવર્સીટીમાં જમા કરાવેલ રકમ રસીદ નંબર .............. તારીખ

| ક્રમ | જોડાણના મેજર વિષય | કોલેજની કુલ્લે પ્રવેશની દરખાસ્ત | કુલ્લે પ્રવેશ સંખ્યા સામે પ્રવેશ ફાળવણીની બેઠકો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

૨: સ્થળ તપાસની કાર્યવાહી બાદ સ્થાનિક તપાસ સમિતિએ કરવાની ભલામણ :

**A:** ક્રમાંક **(1)** મુજબની માહિતી અવલિકને લઇ સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સ્થળ તપાસ બાદ સમિતિએ અભ્યાસક્રમ સંબધિત કોલેજ દ્વારા કરેલ દરખાસ્ત મુજબ મેજર વિષયોની પ્રવેશ બેઠકોની ફાળવણી ની દરખાસ્ત કોલેજમાં ઉપલબ્ધ વ્યવસ્થા. અવલોકને લઇ શૈક્ષણિક વર્ષ **2024-25** ની જોડાણ સંબંધિત ભલામણ :

શૈક્ષણિક વર્ષ **2024-25**ના નવા/ચાલુ જોડાણ સંદર્ભમાં કોલેજમાં ઉપલબ્ધ વ્યવસ્થા. અવલોકને લઇ કોલેજ દ્વારા કરેલ પ્રવેશ બેઠકોની ફાળવણી મુજબ કોલેજ દ્વારા કરેલ ફાળવણીમાં નીચે મુજબ પ્રવેશ બેઠકો સુધારા કરવા સાથેલ નીચે મુજબની શરતો પરિપાલન કરવાની શરતે મંજુર કરવા ભલામણ કરે છે.

| ક્રમ | જોડાણના મેજર વિષય | કુલ્લે પ્રવેશ સંખ્યા સામે પ્રવેશ ફાળવણીની કોલેજની દરખાસ્ત | કોલેજ ની દરખાસ્ત સામે સમિતિની સ્થળ તપાસ બાદ ફેરફાર હોય તો ભલામણ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| | | | મુજબની સંખ્યા |
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |

**ફ઼ચ**

**ખચ** નવું / ચાલુ જોડાણ કોલેજ દ્વારા નીચેની શરતોનું. દિન ___માં પરિપાલન કરવાની યુનિવર્સિટીને જાણ કર્યા સાથે પુનઃ ચકાસણી ની ભલામણ કરે છે.

**હ :** અવલોકનો અને શરતો :

૩: કાયમી જોડાણ ધરાવતી કોલેજો પાસે તે કોલેજોને ફાળવણી કરેલ મંજુર ડિવિઝનની કુલ્લે સંખ્યા (શૈક્ષણિક વર્ષ 2023-24 દરમિયાન કુલ્લે પ્રવેશ બેઠકોની જાહેરાત મુજબ) કોલેજ માં ચાલતા મેજર વિષયો માટે કેટલી પ્રવેશ બેઠકોની ફાળવણી કરવાની થાય છે તેની માહિતી અભ્યાસક્રમ સંબધિત ઉપલબ્ધ સગવડો અવલોકને લઇ કોલેજને દરખાસ્ત જણાવીએ

નોંધ :સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સ્થળ તપાસ બાદ જમા કરવાની ભલામણનું હાલનુ અને ઉપરની વિગતો આમેજ કર્યા સાથેનું ફોર્મ બિડાણમાં રજૂ કરેલ છે,

**નોંધ :** **(૧)** **સિ.તા.૦૭–૧૧–૨૦૨૩ના ઠરાવ ક્રમાંક : ૧૨૧ થી સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવા જણાવેલ છે.**
**(૨)** **સિ.તા.૧૩–૦૧–૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : ૦૪થી સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવા જણાવેલ છે.**

**(જોડાણ વિભાગ)**

**::** ***આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાનિક તપાસ સમિતિના સ્થળ તપાસના ઉપર મુજબની વિગત સાથેના અહેવાલમાં બી.એ. અને બી.એસસી.ની પ્રવેશ બેઠકો મેજર અને માઈનોર વિષય સાથે ભલામણ મેળવવી.***

***વધુમાં, સદરહું બાબતે જરૂરી નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.***

**૨૩. વિવેકાનંદ કોલેજ ફોર બી.બી.એ., જહાંગીરપુરા, સરોલી પૂલ પાસે, ઓલપાડ રોડ, જી.સુરતની નીચે દર્શાવેલ વિગતે બી.બી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રી એ નિયુકત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૯–૦૧–૨૦૨૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧૯) થી મંજૂર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.**

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.બી.એ. (સ્વનિર્ભર અભ્યાસક્રમ) | ચાલુ જોડાણ | તા.૧૫–૬–૨૦૨૪ થી તા.૧૪–૬–૨૦૨૫ (૧ વર્ષ) |

**શરતોઃ**

**૧. કાયમી આચાર્યની નિમણુંક કરવામાં આવે.**
**૨. મેનેજમેન્ટ વિષયને લગતી ૩ Journals સબસ્ક્રાઈબ કરવામાં આવે.**
**૩. પાંચ મેનેજમેન્ટના અધ્યાપકની નિમણુંક કરવામાં આવે.**
**૪. રૂા.૧૦,૦૦૦/– ના પુસ્તકો ખરીદવામાં આવે.**

**ભલામણ :**
**અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતીના આધારે અમો સદર ડિગ્રી પોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.**
**સમય ગાળો :૨૦૨૪–૨૫**
**એકેડેમિક કાઉન્સિલની તા.૧૯–૦૧–૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૯)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, વિવેકાનંદ કોલેજ ફોર બી.બી.એ., જહાંગીરપુરા, સરોલી પૂલ પાસે, ઓલપાડ રોડ, જી.સુરતની બી.બી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે બી.બી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**(જોડાણ વિભાગ)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪–૨૫ની ચાલુ જોડાણના સ્થાનિક તપાસ સમિતિના સ્થળ તપાસના અહેવાલને એકેડેમીક કાઉન્સિલ દ્વારા આજદિન સુધી સિન્ડિકેટને ભલામણ કરેલ છે તે મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૨૪. રાજય સરકારશ્રી દ્વારા અધ્યાપક સહાયક ભરતી ૨૦૨૩ માટે અરજી કરવાની તારીખો ૧૨–૦૯–૨૦૨૩ થી ૨–૧૦–૨૦૨૩ નિર્ધારિત કરવામાં આવી હતી આ સમયગાળા દરમિયાન થિસીસ જમા કરનાર વિદ્યાર્થીઓ સદર ભરતીમાં અરજી કરી શકે કે તે હેતુથી ઝડપથી થીસીસ નું મૂલ્યાંકન કરાવી, રજાઓના દિવસોએ પણ વાઈવા ગોઠવી, રજાના દિવસોએ નોટિફિકેશન જાહેર કરવાની કામગીરી કરવામાં આવી હતી જેની નોંધ લેવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવામાં આવે છે.**

૨૫. **ગુજરાત પબ્લિક યુનિવર્સિટીસ એકટ ૨૦૨૩ અંતર્ગત નવા સ્ટેચ્યુટ અને નવા ઓર્ડીનન્સનો અમલ થાય ત્યાં સુધી યુનિવર્સિટીની વહીવટી, શૈક્ષણિક અને નાણાંકીય બાબતો / કામગીરી ખોરંભાય નહીં અને સુચારૂરૂપે ચાલે તે અંગે વિચારણા કરવા બાબત.**

**(તમામ વિભાગો)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત પબ્લિક યુનિવર્સિટીસ એકટ ૨૦૨૩ અંતર્ગત નવા સ્ટેચ્યુટ અને નવા ઓર્ડીનન્સનો અમલ થાય ત્યાં સુધી યુનિવર્સિટીની વહીવટી, શૈક્ષણિક અને નાણાંકીય બાબતો/કામગીરી ખોરંભાય નહીં અને સુચારૂરૂપે ચાલે તે માટે નવા સ્ટેચ્યુટ અને નવા ઓર્ડીનન્સનો અમલ થાય ત્યાં સુધી પ્રવર્તમાન જોગવાઈઓ/ પ્રણાલી અનુસાર જરૂરી તમામ નિર્ણયો લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૨૬. WDC દ્વારા સ્ત્રીસશકિતકરણના ભાગરૂપે યુનિવર્સિટી પરિસર ખાતે આગામી સમયમાં યોજાનાર આનંદમેળો અને વિવિધ પ્રવૃત્તિઓ સંદર્ભે વિચારણા કરવા બાબત.

(WDC)

:: આથી ઠરાવવામાં આવે છે કે, WDC દ્વારા સ્ત્રીસશકિતકરણના ભાગરૂપે યુનિવર્સિટી પરિસર ખાતે આગામી સમયમાં યોજાનાર આનંદમેળો અને વિવિધ પ્રવૃત્તિઓ સંદર્ભે જરૂરી નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.** **Sd/-**

ક્રમાંકઃ એસ/BoM/કાર્યવાહી/ ૨૭૯૩/૨૦૨૪ **કુલસચિવ**

તા.૦૩–૦૨–૨૦૨૪

પ્રતિ,

**બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ.......**